# શહેર અને જિલ્લામાં વાહકજન્ય રોગોનો ભોગ પુરૂષો વધુ બન્યા છે !!

## ૨ લાખ ૭૦ હજાર લોહીના નમૂના મેળવી તંત્રએ દિન-રાત એક કર્યા : વાહકજન્ય રોગચાળામાં ૩નાં મોત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આ વર્ષે મેલેરિયા અને ડેન્ગ્યુનો ભોગ બનવામાં પુરૂષો અગ્રેસર રહ્યા છે. જ્યારે મહિલા અને બાળકોમાં આ પ્રમાણ ઓછુ જોવા મળ્યું છે.

હવામાનમાં સતત બદલાવને કારણે આ વર્ષે વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિમાં પણ સતત બદલાવ નોંધાતો જોવા મળ્યો છે એ પણ એટલુ જ ઉલ્લેખનીય છે. આ વર્ષે જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના નોંધાયેલા કેસો પર નજર કરીએ તો મેલેરિયા, માઈલ્ડ ચિકનગુનિયા અને ડેન્ગ્યુના કેસો જોવા મળ્યા છે. આ ઉપરાંત વાઈરલને કારણે પણ સાંધાના દુ:ખાવાના છુટાછવાયા કેસો મળ્યાનું પણ જણાયું છે.

જિલ્લા તંત્રએ આ વખતે વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણીને પગલે પ્રારંભથી જ સતર્કતા દાખવી હતી અને શહેરની વિવિદ બાંધકામ સાઈટો પર આવતા મજૂરોના સ્કીનીંગનો નિર્ણય કર્યો હતો. આ ઉપરાંત એન્ટી લારવેલની કામગીરીને પણ સઘન રીતે હાથ ધરવા સહિત તંત્રએ લોક-જાગૃતિ માટે ભવાઈ, સેરી નાટક, પપેટ શો, પરિસંવાદો સહિતનું આયોજન કર્યું હતું એ પણ ઉલ્લેખનીય છે.

જિલ્લામાં મેલેરિયા સાદો તથા ઝેરી, ચિકનગુનિયા માઈલ્ડ અને ડેન્ગ્યુના કેસો નોંધાયા છે પણ આ કેસો છુટાછવાયા નોંધાયા છે. અને તેથી તંત્ર હાશકારો જરૂર લઈ શકે કારણ કે ક્યાંથી મોટા જથ્થામાં આવા કેસો

(અનુસંધાન સાતમા પાને)



ગાંધીનગર ટાઉનહૉલ ખાતે મંગળવારે મહાનગર ભાજપના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# પ્રદેશ ભાજપની પ્રચાર અભિયાન સમિતિની રચના

## ૮૬ સભ્યોવાળી જમ્બો સમિતિમાં ગાંધીનગરના બે અગ્રણીઓનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ભારતીય જનતા પક્ષે ૮૬ સભ્યો ધરાવતી જમ્બો પ્રચાર અભિયાન સમિતિની રચના કરી છે. પૂર્વ પ્રદેશ પ્રમુખ અને સાંસદ શ્રી પુરૂષોત્તમ રૂપાલાના અધ્યક્ષપદે રચાયેલ આ સમિતિમાં ગાંધીનગરના પણ બે આગેવાનોનો સમાવેશ કરાયો છે.

પ્રદેશ ભાજપ દ્વારા આજે જારી કરાયેલ આ સમિતિમાં ગાંધીનગરના શ્રી વાડીભાઈ પટેલ અને પૂનમભાઈ મકવાણાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બન્ને આગેવાનો હાલ બોર્ડ-નિગમના ચેરમેન તરીકે સેવાઓ આપી રહ્યા છે.

પ્રદેશ ભાજપની આ પ્રચાર અભિયાન સમિતિમાં શ્રી વજુભાઈ વાળા, શ્રી રાજેન્દ્રસિંહ રાણા, શ્રી હરિભાઈ ચૌધરી (પાલનપુર), શ્રીમતિ ભાવનાબેન દવે, શ્રી મહેન્દ્ર ત્રિવેદી, શ્રી હરજીવન પટેલ ઉપરાંત રાજ્ય મંત્રીમંડળના સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રચાર અભિયાન સમિતિ સમગ્ર પ્રચાર ઝુંબેશનું સંકલન કરશે એટલુ જ નહિ પણ પ્રચાર માટેનું જરૂરી સાહિત્ય તૈયાર કરશે. આ સમિતિની પહેલી બેઠક પણ એકાદ સપ્તાહમાં મળશે તેમ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

# હાઈ સિક્યુરીટી નંબર પ્લેટની પદ્ધતિના અમલની શરૂઆત

## આર.ટી.ઓ. કચેરીમાં દરરોજ ૨૦૦ નંબર પ્લેટ બનશે, અદ્યતન નંબર પ્લેટમાં લેઝર માર્કીંગથી વાહન માલિકની ઓળખ મેળવવાનું પણ સરળ બનશે

ગાંધીનગર, તા.૨૦

હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં હાઈ સિક્યુરીટી રજીસ્ટર નંબર પ્લેટની પધ્ધતિનો અમલ શરુ કરી દેવાયો છે. વાહનચાલકોને રીફલેકટીવ રેડીયમ બેકગ્રાઉન્ડ ધરાવતી નંબર પ્લેટ તૈયાર કરી આપવા નવા વર્ષથી ખાસ કાઉન્ટર શરુ કરી દેવાયું છે. હાલ દરરોજની ૨૦૦ જેટલી નંબર પ્લેટ તૈયાર કરવામાં આવે છે. નંબર પ્લેટમાં લેઝરમાર્કીંગ નંબર પણ દર્શાવાતા વાહનમાલિકની ઓળખ મેળવવાનું પણ સરળ બનશે.

શહેરમાં 'ગ' માર્ગ પર સ્થિત નવીન પેપરલેસ આર.ટી.ઓ. કચેરીમાં કોમ્પ્યુટરાઈઝડ અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તેમજ ધક્કા ન ખાવા પડે તે મુજબ લાયસન્સ અને વાહન નોંધણી સહિતની કામગીરી ઝડપી અને સમયસર થઈ શકે તેવી અદ્યતન કાર્યપધ્ધતિ અપનાવવામાં આવી છે. જયારે નવા વર્ષના પ્રારંભથી આર.ટી.ઓ. કચેરીમાં હાઈ સિકયોરીટી રજીસ્ટ્રર નંબર પ્લેટ તૈયાર કરવાની પધ્ધતિનો અમલ શરુ કરી દેવાયો છે. આર.ટી.ઓ. કચેરીમાંથી વાહનો માટે અદ્યતન નંબર પ્લેટ તૈયાર કરી આપવામાં આવે છે. એલ્યુમિનિયમની રીફલેટીવ રેડીયમ બેકગ્રાઉન્ડ ધરાવતી આ નંબર પ્લેટમાં 'સ્નેપ લોક'ની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેથી નંબર પ્લેટ કોઈ ખોલી ન શકે. હોલમાર્ક વાળી અને હોટ સ્ટેમ્પીંગ પ્રોસેસના માધ્યમથી નંબરો ઉપસેલા રહે તે મુજબ આ પ્લેટ તૈયાર કરવામાં આવે છે. આર.ટી.ઓ. કચેરીમાં દરરોજ ૨૦૦ જેટલી નંબર પ્લેટ તૈયાર થતી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે. આ પ્રકારની નંબર પ્લેટ તૈયાર કરવા આર.ટી.ઓ દ્વારા દ્વીચક્રી વાહનો માટે રૂ. ૧૨૦, થ્રી વ્હીલર માટે ૧૫૦, ફોર વ્હીલર માટે ૩૫૦ તેમજ હેવી વાહનો માટે રૂ. ૩૮૦નો ચાર્જ નિયત કરાયો છે. નંબર પ્લેટમાં લેઝર માર્કીંગ પણ હોવાથી વાહન માલિકની ઓળખ સહિતની વિગતો જાણવામાં પણ સરળતા રહેશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

## નોટીસ

સાંચાકામ સબબે તારીખ ૨૩/૧૧/૧૨ શુક્રવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) બાસણ વિલેજ
(૨) પાલજ વિલેજ

**ટોરન્ટ પાવર લિમીટેડ**

# શહેરના ૪૩ સ્થળોએ સી.સી. ટી.વી. કેમેરા લગાવવાની યોજના અભેરાઈએ

## બે વર્ષ અગાઉ સલામતી વ્યવસ્થા સઘન બનાવવા નિર્ણય લેવાયો હતો

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં ગુનાકીય વૃત્તિને ડામવા તેમજ સલામતીના ભાગરૂપે સી.સી. ટી.વી. કેમેરા લગાવવાની યોજનાનું સુરસુરીયુ થઈ ગયું છે. શહેરમાં ૪૩ જેટલા સ્થળોએ કેમેરા મુકવાની દરખાસ્ત અભેરાઈએ ચઢી જતાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ મુશ્કેલ બન્યું છે. બીજી તરફ તકનો લાભ ઉઠાવતા તત્વોને પણ મોકળુ મેદાન મળ્યું છે.

પાટનગરમાં ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચીંગ, લૂંટ અને વાહનચોરીના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે શહેરના કેટલાક જાહેર સ્થળોએ પણ સલામતીને સ્પર્સતા પરિબળોના અભાવે જાણભેદુ તત્વો ગમે ત્યારે મોકાનો લાભ ઉઠાવી તસ્કરી વૃત્તિ સંતોષી લેતા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરમાં સલામતી વ્યવસ્થાને ધ્યાને લઈ બે વર્ષ અગાઉ જિલ્લા પોલીસ વડા દ્વારા કુલ ૪૩ જેટલા સ્થળોએ સી.સી. ટી.વી. કેમેરા મુકવાની યોજના ઘડી હતી. જેમાં સચિવાલય સંકુલ, અક્ષરધામ, સરકીટ હાઉસ, મંત્રી નિવાસ ઉપરાંત શહેરના સર્કલો પર સી.સી. ટી.વી. કેમેરા મુકવાની યોજના આખરી થઈ હતી. આ ઉપરાંત શહેરની બેંકો અને જ્વેલરી દુકાનો આસપાસ પણ કેમેરાની બાજ નજર રહે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસતંત્ર દ્વારા નિયત સ્થળોને લઈ આ અંગેની દરખાસ્ત પણ તૈયાર કરી દેવાઈ હતી. પરંતુ બે વર્ષના અંતે પણ શહેરના જરૂરી સ્થળોને સી.સી. ટી.વી. કેમેરાથી સજ્જ કરવાની યોજના હજુ ઠેકાણે પડી નથી. જેના પરિણામે જરૂરી સ્થળોએ સલામતીના નામે મીંડુ ચિતરાયું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.**

**બ્લોક નં.૧૬, ભોંયતળીયે, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

**ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૪૯૪**

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ગાંધીનગરના લોન બાકીદારો પાસેથી લોન રકમની તેના વ્યાજ સહિત વસુલાતની કામગીરી માટે કોર્ટ રાહે પગલાં લેવા ગાંધીનગર કોર્ટમાં પ્રેકટીસ કરતા અને ગાંધીનગર ખાતે રહેતા હોય તેવા સ્થાનિક માન્ય વકીલશ્રીઓ પાસેથી કેસ દીઠ કરવાની થતી તબક્કાવાર કામગીરીના ભાવ મંગાવવામાં આવે છે. આથી આ કામગીરીના અનુભવ તથા હાલ આ પ્રકારના કેસોની વિગતો દર્શાવી વિગતવાર ફી દર્શાવતી દરખાસ્ત તા. ૩/૧૨/૨૦૧૨ સુધીમાં મંગાવવામાં આવે છે. આવેલ દરખાસ્ત મંજુર/નામંજુર કરવાનો અબાધિત અધિકાર નિગમનો રહે છે.

(સહી)
મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.
ગાંધીનગર.

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.**

**બ્લોક નં.૧૬, ભોંયતળીયે, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

**ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૪૯૪**

નિગમની નીચે મુજબની કામગીરી માટે માન્ય ચાર્ટડ એકાઉન્ટન્ટની પેઢીઓ પાસેથી બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે.

(૧) વર્ષ ૨૦૧૨-૧૩ના હિસાબો ડબલ એન્ટ્રી પધ્ધતિથી ટેલી-ઈઆરપી-૯ સોફટવેરમાં તૈયાર કરવા.

(૨) વર્ષ ૨૦૧૨-૧૩ના તૈયાર થયેલા હિસાબોનું આંતરિક ઓડીટ તેમજ આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવા સંબંધિત જરુરી કાર્યવાહી કરવા.

ઉપર મુજબની કામગીરી કરવા રસ ધરાવતી પેઢીઓએ સ્કોપ ઓફ વર્ક માટેની જરુરી વિગતો કચેરી સમય દરમિયાન તા. ૨૬-૧૧-૨૦૧૨ થી તા. ૩-૧૨-૨૦૧૨ સુધી રૂ. ૨૦૦/- ની નોન રીફંડેબલ ફી ભરીને મેળવી લેવી. તેમજ ઉપરોકત બંને કામગીરી માટેના ભાવો અલગ અલગ સીલબંધ કવરમાં તા. ૧૦-૧૨-૨૦૧૨ સુધી મોકલી આપવાના રહેશે.

ભાવ મંજુર/નામંજુર કરવા અંગે મેનેજીંગ ડિરેકટરશ્રીને અબાધિત અધિકાર રહેશે.

(સહી)
મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.
ગાંધીનગર.










Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com